# હાશ; સવા વર્ષમાં બીજીવાર શહેર કોરોનામુક્ત થયુ

## શહેરમાં અત્યાર સુધીમાં ૯૫૦૮ લોકો સંક્રમિત થયા છે : ૪૪દર્દીઓ આજે પણ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે

ગાંધીનગર, તા. ૨૦

હાશ, છેલ્લા સવા વર્ષમાં આજે બીજીવાર ગાંધીનગર શહેર કોરોનામુક્ત થયુ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી રાજયભરમાં મહાવેક્સિન અભિયાનનો આરંભ થવાનો છે તેના આગલા દિવસે જ અર્થાત્ ૨૦મી જૂનના રોજ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં આવી સ્થિતિ બીજીવાર બની છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાની બે વેવ આવી અને તેમાં ૯૫૦૮ લોકો સંક્રમિત થયા છે. ગાંધીનગર શહેરમાં પહેલો કેસ સે. ૨૯ માં નોંધાયો હતો જે ૧૯મી માર્ચના રોજ નોંધાયો હતો. ત્યારથી લઈ આજ સુધી તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં આજે ૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કોરોનાની લહેરમાં ૧૩૨ લોકોના મોત થયા છે. શહેરમાં કોરોનાને કારણે બન્ને વેવમાં પ્રતિ બંધાત્મક હુકમો પણ લાગુ કરાયા છે. હાલ પણ રાત્રિ કરફ્યુ સહિતના હુકમો ચાલુ છે.

કોરોનાની મહામારીમાં માસ્ક નહિ પહેરવા બદલ નગરજનોએ એક કરોડથી પણ વધુ દંડ ભર્યો છે.

કોરોનાની બીજી વેવમાં અર્થાત્ એપ્રિલ અને મે મહિનો શહેરીજનો ઊંચા જીવે વ્યતિત કર્યા હતા. આ બે મહિનાના સમયમાં શહેરમાં કેસોની સંખ્યા ખુબ વધી હતી. શહેરમાં દૈનિક ૧૫૦ થી પણ વધુ કેસો નોંધાયા હતા.

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક પણ કેસ ન નોંધાતા તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. જો કે તંત્રએ ત્રીજા વેવની સંભાવનાઓને ધ્યાને રાખી સર્વેલન્સ સઘન કરવાની સાથે સાથે વેક્સિનેશન અભિયાનને પણ વધુ સઘન બનાવવા માટેનું આયોજન કરી દીધુ છે.

શહેરમાં કોરોના સંક્રમણને નાથવા માટે ટેસ્ટીંગ, ટ્રેકિંગ અને ટ્રેસીંગની વ્યુહરચના સફળ રહી હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાએ પહોંચ્યો છે. આજે ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં કોરોનાની મહામારીમાં લોકોએ હોમ આઈસોલેશનની વધુ પસંદગી કરી હતી. ૬૦ ટકાથી વધુ નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હતો. કોરોનાની આ મહામારીમાં મનપાની સામાન્ય ચૂંટણીના ૩ ઉમેદવારો સહિત અનેક આગેવાનો અને વડીલોના મોત નીપજ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાની મહામારી દરમ્યાન એક જ દિવસમાં ૮૦ જેટલા દર્દીઓના મોત થતાં તેમની અંતિમ વિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી હતી. ગાંધીનગરના સે. ૩૦ ખાતેના મુક્તિધામમાં ૧૧ જેટલી વધારાની ભઠ્ઠીઓ પણ ઉભી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાની મહામારીમાં પરિવારોના પરિવાર સંક્રમિત થયા હતા. બીજા વેવમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી હતી. નાના બાળકો અને ભૂલકાઓ પણ સંક્રમણથી બચી શક્યા નથી. જો કે સૌથી વધુ ચેપ યુવાનોમાં જોવા મળ્યો હતો.

શહેરમાં વેક્સિનેશન અભિયાનમાં પણ એટલો જ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. શહેરમાં આજ સુધીમાં ૨,૫૪,૯૪૬ લોકોએ વેક્સિન લીધી છે જેમાં ૨,૦૭,૫૬૩ લોકોએ પ્રથમ ડોઝ અને ૪૭,૩૮૩ લોકોએ બન્ને ડોઝ લઈ લીધા છે. શહેરમાં ૧,૧૯,૬૯૫ પુરૂષો અને ૮૭,૮૫૦ મહિલાઓએ વેક્સિન લીધી છે. ૧૮ થી ૪૪ વર્ષની વયમાં ૧,૪૦,૫૮૨ લોકોએ, ૬૦ થી ઉપરની વયમાં ૨૬,૭૫૭ લોકોએ અને ૪૫ થી ૬૦ વય જૂથના ૪૦,૧૯૦ લોકોએ વેક્સિન લીધી છે.

# રથયાત્રાના આયોજન અંગે સમિતિની મામલતદાર સમક્ષ મંજુરી માટે અરજી

## નજીકના દિવસોમાં પોલીસ તંત્ર સાથે પણ સમિતિની બેઠક યોજવામાં આવશે : મંજુરી મળે તો રથયાત્રા ટુંકાવીને પણ પરંપરાગત રૂટમાં આયોજન કરવા તૈયારી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર તેમજ અમદાવાદમાં ગત વર્ષે પણ રથયાત્રાના આયોજન માત્ર મંદિર પરિસર સુધી જ સિમિત રહ્યુ હતુ. કોરોનાની બીજી લહેર બાદ હાલ સંક્રમણનુ પ્રમાણ ઘટ્યુ છે. ત્યારે રથયાત્રા સમિતિએ પણ ગાંધીનગરમાં પરંપરાંગત રૂટમાં રથયાત્રાનુ આયોજન કરવા માટે મામલતદાર સમક્ષ રજુઆત કરી છે. આગામી દિવસોમાં પોલીસ તંત્ર સાથે પણ સમિતિની બેઠક કરવામાં આવશે. રથયાત્રા ની મંજુરી આપવામાં આવે તો રથયાત્રા ટુંકાવીને પરંપરાગત રૂટમાં ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી સાથે રથમાં સવાર થઈને નગરચર્યા માટે નિકળી ભાવિકોને દર્શન આપશે. ભાવિકો પણ રથયાત્રાના આયોજનને અનુલક્ષી ઉત્સુક બન્યા છે.

ગત વર્ષ દરમિયાન છેલ્લી ઘડી સુધી સરકારે રથયાત્રાના આયોજન માટે મંજુરી આપી ન હતી જેથી ગત રથયાત્રા મહોત્સવ ગાંધીનગર અમદાવાદમાં રથયાત્રા મંદિર પરિસરમાં જ યોજવામાં આવી હતી. મંદિર પરિસરમાં જ રથયાત્રા સમિતિની પ્રતિકાત્મક ઉજવણી કરવામાં આવી હતી. જયારે આ વર્ષે પણ છેલ્લી ઘડી સુધી રથયાત્રા અંગે કોઈ નિર્ણય ન લેવાય તેવી સ્થિતિ ન થાય તે માટે ગાંધીનગર રથયાત્ર સમિતિ દ્વારા મામલતદાર સહીત તંત્ર સમક્ષ પરંપરાગત રૂટ પર રથયાત્રા નિકાળવા માટે મંજુરી માંગવામાં આવી છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ પણ ઘટયુ છે. અને આમ નાગરિકો પણ હવે મહામારી અંગે જાગૃત થયા છે. ત્યારે રથયાત્રાની લંબાઈ ટુંકાવીને પરંપરાગત રૂટમાં રથયાત્રાનુ આયોજન થાય તે માટે પણ માંગણી કરવામાં આવી છે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડીયાએ જણાંવ્યમા મુજબ રથયાત્રાની મંજુરી આપવામાં આવે તો આમ નાગરિકોની સુખાકારીને ધ્યાને લઈ નિયમ મુજબ રથયાત્રાનુ આયોજન કરવા સમિતિએ તૈયારી દાખવી છે.

એકબાજુ શહેરના ભાવિકો પણ રથયાત્રાનુ આયોજન થાય તેવી પ્રબળ લાગણી વ્યકત કરી રહ્યા છે. ત્યારે બીજીતરફ સમિતિ પર પણ આયોજન કરવા માટે દબાણ વધી રહ્યુ છે. જેને અનુલક્ષીને રથયાત્રા સમિતિએ રથયાત્રાના આયોજન અંગે પણ જરૂરી તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આગામી દિવસોમાં પોલીસ તંત્ર સાથે રથયાત્રા સમિતિની એક બેઠક પણ યોજવામાં આવશે તેમ પણ જાણવા મળ્યુ છે. જયારે રથયાત્રાના આયોજન અંગે મંજુરી આપવામાં આવે તો રૂટ ટુંકાવીને પણ રથયાત્રાનુ આયોજન કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# વેક્સિન મહા અભિયાનને લઈ આજે ૧૩૦ સેશન સાઈટ પર રસીકરણ થશે

## મહા અભિયાનમાં આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જોડાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે વેક્સિનેશન મહા અભિયાન ૧૩૦ સેશન સાઈટ પર થશે. આ મહા અભિયાનમાં આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ જોડાવાના છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સે. ૮ માં વેક્સિનેશન મહા અભિયાનનો સવારે ૯ વાગે પ્રારંભ કરાવવાના છે.

કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ જિલ્લાના રૂપાલ પ્રા.આ. કેન્દ્ર ખાતે ૧૧.૪૫ કલાકે અને શહેરમાં કોલવડા ખાતે ૧૨.૩૦ વાગે આ અભિયાનમાં વિશેષ ઉપસ્થિત રહેવાના છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ૩,૮૯,૧૨૪ લોકોને અને શહેરમાં ૨,૫૪,૯૪૬ લોકોને એમ મળી કુલ ૬,૪૪,૦૭૭ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૦ કેન્દ્રો પર વેક્સિનેશન મહા અભિયાન યોજાશે જ્યારે શહેરમાં ૪૦ સ્થાનો પર વેક્સિન મહા અભિયાન યોજાશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિન અભિયાનમાં ૧,૬૧,૨૫૫ પુરૂષ અને ૧,૩૫,૧૨૪ મહિલાઓને આવરી લેવામાં આવી છે. જેમાં ૧૮ થી ૪૪ વય જૂથમાં ૯૧,૯૦૮ અને ૪૫ થી ૬૦ વયજૂથમાં ૧,૨૨,૧૬૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાનને લઈ જિલ્લા કલેક્ટર આર્ય અને જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ રૂપાલ-કોલવડા કેન્દ્રોની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત નાયબ મ્યુનિ. કમિશનર અને તેમની ટીમ આરોગ્યએ સે. ૮ ખાતે તૈયારીઓને અંતિમ ઓપ આપી દીધો હતો.

# શહેરમાં હીલસ્ટેશન જેવુ વાતાવરણ સર્જાયુ

## છેલ્લા ચાર-પાંચ દિવસથી થોડા થોડા અંતરે વરસતો ઝરમર વરસાદ વાતાવરણને આહ્લાદક બનાવી રહ્યો છે



ગાંધીનગર, તા. ૨૦

ગ્રીનસીટી ગાંધીનગરમાં પહેલા વરસાદે જાણે જાદુની છડી ફેરવી દીધી છે. પહેલા વરસાદમાં નાહીને તરોતાજા બનેલા લીલાછમ્ વૃક્ષો અને વાતાવરણમાં છવાયેલી ઠંડકના કારણે ગાંધીનગર હીલસ્ટેશન જેવુ લાગી રહ્યુ છે.

ગાંધીનગર ભલે શહેર ગણાતુ હોય પરંતુ તેમાં હજુ ગ્રામ્ય વિસ્તાર જેવો હાર્દ છે. શહેર જેવી ભીડભાડ અહીં કયાંય જોવા મળતી નથી. વરસાદ શરૂ થતાં જ શહેરનું અસલી સૌંદર્ય છતુ થાય છે. ઘણા દિવસો સુધી આકરી ગરમી અને બફારો સહન કરતા શહેરના વસાહતીઓ વરસાદી વાતાવરણને ખૂબ માણે છે. આ વર્ષે વરસાદ વહેલો શરૂ થયો છે. પ્રથમ વરસાદમાં જ જાણે જાદુની

● અનુસંધાન પાન-૭ પર

# આજે અમીત શાહ ગાંધીનગરમાં

## ત્રણ ફ્લાય ઓવર બ્રીજ અને એ.પી.એમ.સી.નું નવિન મકાન લોકાર્પણ તથા રસીકરણ અભિયાનમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહ આજે ગાંધીનગર આવી રહ્યા છે.

તેઓ આજે ગાંધીનગર જિલ્લામાં ૩ ફલાય ઓવર બ્રીજ (૧) વૈષ્ણવદેવી ફ્લાય ઓવરબ્રીજ (૨) ખોડિયાર કન્ટેનર ડેપો ફ્લાય ઓવર બ્રીજ તેમજ (૩) પાનસર છત્રાલ રોડ પર નવનિર્મિત રેલવે બ્રીજનું લોકાર્પણ કરશે.

આ પછી કલોલ એ.પી.એમ.સી.ના નવીનીકરણ પામેલ મકાનનું લોકાર્પણ કરી રૂપાલ અને કોલવડા ખાતે રસીકરણ અભિયાનમાં જોડાશે. તંત્ર દ્વારા તેમની આ મુલાકાતને લઈ તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે.

કોરોનાની મહામારી દરમ્યાન ગાંધીનગર સંસદીય મતવિસ્તારની ગૃહમંત્રીએ ચિંતા વ્યક્ત કરી હતી અને તેમણે ગાંધીનગરમાં કોલવડા ખાતે ઓક્સિજન પ્લાન્ટના લોકાર્પણ વખતે મહાત્મા મંદિર ખાતે ખાસ કોવિડ હોસ્પિટલના નિર્માણની જાહેરાત કરી હતી જે તૈયાર થઈ ગયેલ છે. આ ઉપરાંત બે આધુનિક મોબાઈલ ટેસ્ટીંગવાન, પાંચ એમ્બ્યુલન્સ તેમજ ૪૦ થી વધુ ઓક્સિજન કોન્સ્ટ્રેટર અને ૪૦ જેટલા બાયપેપ પણ ફાળવી આપ્યા હતા.



**માસ્કના ચોકી પહેરા સાથે સ્પર્ધાત્મક પરીક્ષા....** કોરોના મહામારીના કેસોમાં રાહત જણાતા ફરી જનજીવન થાળે પડી રહ્યું છે, ફરી એકવાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ શરૂ થઈ છે જેના આધારે સરકારી નોકરી મેળવી પોતાની કારકિર્દીનું ઘડતર કરવા લાખો યુવાનો લાંબા સમય સુધી તનતોડ મહેનત કરતાં હોય છે. રવિવારના દિવસે ગાંધીનગરની એલડીઆપી કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા ખૂબ મોટી સંખ્યામાં ઉમેદવારો તેમના વાલીઓ સાથે ઉમટી પડયા હતા. સૌથી મહત્વની બાબત એ હતી કે સૌના ચહેરા પર માસ્કનો સુરક્ષા પહેરો ગંભીરતા સાથે ચોકી ભરતો જોવા મળ્યો હતો જે એક આવકારદાયક બાબત છે.

# ધો-૧૨માં પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓ માટે અલગથી પરીક્ષા લેવાશે

## ગુણાંકન પધ્ધતિ અનુસાર પરિણામ જાહેર કરવામાં આવનાર છે ત્યારે પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓએ ૧૫ દિવસમાં માર્કશીટ બોર્ડની કચેરીમાં જમા કરાવાની રહેશે : બોર્ડ કક્ષાએથી અલગ પરીક્ષાનુ આયોજન કરાશે

ગાંધીનગર તા ૨૦

કોરોનાના કપરા કાળ દરમિયાન આ વર્ષે ધો -૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ છે. જયારે ધો -૧૨ માં પણ બોર્ડ દ્વારા પરીક્ષા રદ કરવામાં આવી છે. જયારે ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનુ પરિણામ તૈયાર કરવા માટે પણ બોર્ડ કક્ષાએથી ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે જયારે આ પરિણામ જાહેર થયા બાદ અસંતોષ વ્યકત કરતા વિદ્યાર્થીઓ માટે બોર્ડ કક્ષાએથી અલગ પરીક્ષા પણ લેવાશે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. ધો -૧૨ બોર્ડના પરિણામ બાદ રીઝલ્ટ પ્રત્યે અંસતોષ વ્યકત કરતા વિદ્યાર્થીઓ માટે બોર્ડ દ્વારા આ ખાસ નિર્ણય લેવાયો છે.ધો-૧૨ ના વિદ્યાર્થીઓ તમામ પ્રવાહના નિયમિત ઉમેદવારો માટે સરકાર દ્વારા ગુણાંકન પધ્ધતિ મુજબ પરિણામ તૈયાર કરવામાં આવશે. આ પરિણામ જાહેર થયા બાદ કોઈ પણ વિદ્યાર્થીને અસંતોષ હોય તો આવા વિદ્યાર્થીઓએ પરિણામ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં જ તેમનુ પરિણામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીમાં જમા કરાવાનુ રહેશે. જયારે આવા વિદ્યાર્થીઓને અનુલક્ષી શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે અલગથી પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો છે. અલબત્ત જે વિદ્યાર્થીઓ સરકારના પરિણામથી અસંતુષ્ટ હોય તો તેમના માટે અલગથી પરીક્ષાનુ આયોજન કરાશે. પરીક્ષા અંગેના કાર્યક્રમ અંગે પણ બોર્ડ ટુંકમાં જાહેરાત કરશે.

# ઉનાવા પ્રા.આ. કેન્દ્રને નેશનલ ક્વોલીટી એન્સોરન્સ સર્ટિફિકેટથી સન્માનિત કરાયુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રને નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ પ્રાપ્ત થયુ છે.

૨૯મી મે ના રોજ કેન્દ્રના આરોગ્યતંત્રની ટીમે ૮ કલાક સુધી આ કેન્દ્રનું વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન કર્યુ હતુ.

કેન્દ્રના આરોગ્ય વિભાગે એક પત્ર લખી આ પ્રા.આ. કેન્દ્રની પસંદગી કરવામાં આવી હોવાની જાણ કરી હતી. ઉનાવા પ્રા.આ. કેન્દ્રને વર્ચ્યુઅલ ઈન્સ્પેકશન દરમ્યાન ૯૬.૪ ટકા ગુણાંક પ્રાપ્ત થયા છે. ઓ.પી.ડી. સહિત ૬ જેટલી બાબતોની તપાસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

જિલ્લાના આ ઉનાવા આરોગ્ય કેન્દ્રને એક વર્ષ માટે નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવેલ છે. જિલ્લામાં આ અગાઉ પુંધરા પ્રા. આરોગ્ય કેન્દ્રને આ પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ હતુ.

જિલ્લામાં ઉનાવા કેન્દ્રની પસંદગી થતાં આરોગ્યતંત્રમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

# જિલ્લામાં ૨૦ તલાટીની સામુહિક બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં એક સાથે ૨૦ તલાટીઓની સામુહિક બદલીના હુકમો જિલ્લા પંચાયત દ્વારા જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયત દ્વારા આ બદલીઓ કરવામાં આવતાં તંત્રમાં ચકચાર મચી જવા પામી છે. તંત્ર દ્વારા બદલીઓ આમ તો છુટી છવાઈ છેલ્લા એક મહિનાથી કરવામાં આવી રહી છે. ૧૨ જેટલા સિનીયર ક્લાર્ક અને નાયબ ચીટનીસ સંવર્ગના અધિકારીઓની બદલીઓ બાદ તલાટી સંવર્ગમાં એક સાથે ૨૦ની બદલી કરવામાં આવી છે.

જિલ્લામાં દહેગામના ૬ તલાટી, ગાંધીનગર અને કલોલના ૪-૪ તલાટી તેમજ માણસાના ૬ તલાટીની બદલીના હુકમો શનિવારે સાંજે કરવામાં આવ્યા હતા. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં જ તંત્રમાં બદલીનો દોર આરંભાયો છે.

# ગાંધીનગર ગ્રામ્યમાં આજે એક કેસ નોંધાયો : ૬ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો. ગાંધીનગર તાલુકાના શાહપુર ગામે ૨૯ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજ સુધીમાં ૯૫૪૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૯૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૦૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના અન્ય ત્રણ તાલુકામાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com